તા. 10-07-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 10-07-2024 સવારે : 7.45 થી 7.55

વાર : બુધવાર

આકાશવાણી સમાચાર નિકીતા શાહ વાંચે છે.

---

- ✓ પ્રધાનમંત્રી મોદી આજે ઑસ્ટ્રિયાના રાષ્ટ્રપતિ અને ચાન્સલર સાથે મુલાકાત કરશે.
- ✓ મૉસ્કો મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રી મોદીને રશિયાના સૌથી પ્રતિષ્ઠિત નાગરિક સન્માનથી સન્માનિત કરાયા.
- ✓ કેન્દ્રીય તપાસ સંસ્થાએ NEET – UG પેપરમાં કથિત ગેરરીતિ મામલે બિહારમાંથી વધુ બેની ધરપકડ.
- ✓ હવામાન વિભાગે મધ્ય, ઉત્તર પશ્ચિમ અને પૂર્વોત્તર ભારતના કેટલાંક ભાગોમાં ભારે વરસાદની અગાહી કરી.
- ✓ ICCએ જૂન માસ માટે જસપ્રીત બુમરાહને ICC મેન્સ પ્લેયર ઑફ ધ મંથ, અને સ્મૃતિ મંધાનાને ICC વિમેન પ્લેયર ઑફ ધી મંથ જાહેર કર્યા.
- ✓ મહિલા આંતરરાષ્ટ્રીય ટી20 શ્રેણીમાં ભારતે દક્ષિણ આફ્રિકાને 10 વિકેટે હરાવી સૌથી મોટી જીત હાંસલ કરી.

.....................................................................

તા. 10-07-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# *PM - AUSTRIA VISIT*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગઈકાલે ઑસ્ટ્રિયા પહોંચ્યા હતા. ઑસ્ટ્રિયાના વિએનામાં ભારતીય સમુદાયના લોકો દ્વારા તેમનું સ્વાગત કરાયું હતું. ત્રણ દિવસના વિદેશ પ્રવાસે નિકળેલા પ્રધાનમંત્રી મોદી રશિયામાં 22માં ભારત-રશિયા શિખર સંમેલન બાદ ઑસ્ટ્રિયા માટે રવાના થયા હતા. 41 વર્ષોમાં પહેલીવાર કોઈ ભારતીય પ્રધાનમંત્રી ઑસ્ટ્રિયા પ્રવાસ કરી રહ્યા છે.

શ્રી મોદી આજે ઑસ્ટ્રિયાના રાષ્ટ્રપતિ એલેક્ઝેન્ડર વાન ડેર બેલેન સાથે મુલાકાત કરશે. તેમજ ઑસ્ટ્રિયાના ચાન્સલર કાર્લ નેહમર સાથે વાતચીત કરશે. પ્રધાનમંત્રી મોદી અને ઑસ્ટ્રિયાના ચાન્સલર, બંને દેશોના ઉદ્યોગિક અગ્રણીઓને પણ સંબોધિત કરશે. ઉપરાંત શ્રી મોદી વિએનામાં ભારતીય સમુદાયના લોકો સાથે મુલાકાત કરશે.

ગઈકાલે રાતે પ્રધાનમંત્રી મોદી ઑસ્ટ્રિયાના ચાન્સલર દ્વારા આયોજીત રાત્રી ભોજનમાં સહભાગી થયા હતા. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રી મોદીએ ભવ્ય સ્વાગત માટે ચાન્સલર નેહમરનો આભઆર માન્યો હતો.

.................

# *PM MODI RUSSIA*

આગામી વર્ષોમાં ભારત અને રશિયાના સંબંધો વધુ મજબૂત બનશે તેવો વિશ્વાસ પ્રધાનમંત્રી મોદીએ વ્યક્ત કર્યો છે. ગઈકાલે રશિયાના રાષ્ટ્રપતિ પુતિન સાથેની મુલાકાત દરમિયાન શ્રી મોદીએ કહ્યું કે તેઓ છેલ્લા દસ વર્ષમાં 17 વાર મળી ચૂક્યા છે. છેલ્લા 25 વર્ષોમાં તેમની લગભગ 22 દ્વીપક્ષીય બેઠકો થઈ છે. જે બંને દેશો વચ્ચેના  સંબંધોનાં ઉંડાણને દર્શાવે છે.

તા. 10-07-2024

સમય : સવારે 7.45(નેશનલ)

વધુમાં શ્રી મોદીએ ઉમેર્યું કે છેલ્લા 40-50 વર્ષોથી ભારત આતંકવાદનો સામનો કરી રહ્યું છે. શ્રી મોદીએ કહ્યું કે જ્યારે મૉસ્કોમાં આતંકવાદી હુમલો થયો એ સમયની પીડાની કલ્પના કરી શકાય છે. તેમણે રશિયામાં થયેલા આતંકી હુમલાને વખોડી કાઢ્યો.

પ્રધાનમંત્રી મોદીએ ભારત રશિયા સહકારની સરાહના કરતા કહ્યું કે આનાથી ભારતીય ખેડૂતો અને ભારતીય ગ્રાહકોને મદદ મળશે. તેમણે કહ્યું કે જ્યારે વિશ્વ ઇંધણના પડકારોનો સામનો કરી રહ્યું હતું ત્યારે રશિયાના સમર્થનથી ભારતને સામાન્ય લોકોની પેટ્રોલની જરૂરિયાતો પૂર્ણ કરવામાં મદદ મળી. વધુમાં તેમણે જણાવ્યું કે વિશ્વ એ સ્વીકારવું રહ્યું કે ઇંધણને લઈને ભારત રશિયા વચ્ચેની સમજૂતીએ આંતરરાષ્ટ્રીય સ્થિરતા લાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.  આ તરફ રશિયાના રાષ્ટ્રપતિ પુતિને યુક્રેનમાં સંઘર્ષ સમાપ્ત કરવાના ભારતના પ્રયાસો માટે પ્રધાનમંત્રી મોદીનો આભાર વ્યક્ત કર્યો.

.................

## *PM-RUSSIAN-HONOUR*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને રશિયાના સૌથી પ્રતિષ્ઠિત નાગરિક સન્માન 'ઑર્ડર ઑફ સેન્ટ એન્ડ્રુ ધ અપોસલ'થી સન્માનિત કરવામાં આવ્યા છે. રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતીને શ્રી મોદીને આ પુરસ્કાર અર્પણ કર્યો હતો. આ પુરસ્કાર રશિયા અને ભારત વચ્ચે વિશિષ્ટ વ્યૂહાત્મક ભાગીદારી અને મૈત્રીપૂર્ણ જોડાણ વિકસાવવામાં શ્રી મોદીનાં વિશેષ પ્રદાનને માન્યતા આપે છે. રશિયાના પ્રથમ ધર્મ પ્રચારક અને સંત એન્ડ્રુની સ્મૃતિમાં વર્ષ 1968માં આ પુરસ્કાર શરૂ કરાયો હતો.

.................

તા. 10-07-2024

સમય : સવારે 7.45(નેશનલ)

## *BY POLLS ELECATION*

સાત રાજ્યોમાં વિધાનસભાની 13 બેઠકો પર આજે પેટાચૂંટણી યોજાઈ રહી છે. જેમાં પશ્ચિમ બંગાળની ચાર, ઉત્તરાખંડની બે, હિમાચલ પ્રદેશની 3, બિહારની એક, પંજાબની – એક, તામિલનાડુની -1 અને મધ્યપ્રદેશની – 1 વિધાનસભા બેઠકનો સમાવેશ થાય છે.

સવારે સાત વાગે શરૂ થયેલું મતદાન સાંજે 6 વાગ્યા સુધી ચાલશે. પોલીસ દ્વારા ચૂસ્ત સુરક્ષા બંદોબસ્ત કરાયો છે.

.................

## *NEET ARREST*

કેન્દ્રીય તપાસ સંસ્થા – CBIએ કથિત નીટ-યૂજી પેપર ગેરરિતી મામલે વધુ બે લોકોની ધરપકડ કરી છે. તપાસ એજન્સીએ તેમને બિહારના નાલંદા તેમજ ગયાથી ધરપકડ કરી હતી.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

- .................

તા. 10-07-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# *IMD WEATHER*

હવામાન વિભાગે મધ્ય, ઉત્તર પશ્ચિમ અને પૂર્વોત્તરના રાજ્યોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. આગામી 24 કલાક દરમિયાન પશ્ચિમ બંગાળ, સિક્કિમ, ગોવા અને તટિય કર્ણાટકમાં ભારે વરસાદની શક્યતા છે.

ઉત્તર બિહાર, ઉત્તરાખંડ, પૂર્વીય ઉત્તર પ્રદેશ, બિહારના કેટલાક ભાગોમાં ઉપરાંત ઝારખંડ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, દક્ષિણ-પૂર્વીય રજસ્થાન, પૂર્વીય ગુજરાત, લક્ષદીપ, કોંકણ અને ગોવા તેમજ તેલંગાણાના કેટલાક ભાગોમાં હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે.

આ ઉપરાંત હિમાચલ પ્રદેશ, આંદમાન અને નિકોબાર, મધ્ય પ્રદેશ, પૂર્વોત્તર ભારત, મરાઠવાડા, મધ્ય મહારાષ્ટ્ર, વિદર્ભ, ઓડિશા, આંધ્ર પ્રદેશના ઉત્તરી ભાગોમાં હળવો વરસાદ વરસી શકે છે.

ગઈકાલે મહારાષ્ટ્રમાં મુબંઈ અને આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદને પગલે રેલ અને વાહનવ્યવહાર ખોરવાયો હતો. તો દિલ્હીમાં વરસાદને પગલે કેટલાક વિસ્તારોમાં પાણી ભરાયા હતા.

.................

# *UP FLOOD - YOGI VISIT*

ઉત્તર પ્રદેશના મેદાન વિસ્તારોમાં પૂરની સ્થિતિ દિન-પ્રતિદિન વણસી રહી છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કેન્દ્રીય મંત્રી જિતેન પ્રાસદ સાથે મળીને પિલિભિત અને લખીમપુર ખેરી જિલ્લાની મુલાકાત લીધી હતી. લખીમપુર ખિરિમાં પૂરની સૌથી વધુ અસર થઈ છે.

ઉત્તર પ્રદેશના આકાશવાણી સંવાદદાતા જણાવે છે કે પિલિભિત રૂટ પરનો રેલ વ્યવહાર ખોરવાયો છે. અનેક સ્થળોએ પાણી ભરતા શાળા-

કૉલેજોમાં રજા જાહેર કરાઈ છે. પિલિભિતમાં વધુ પાંચ લોકોને બચાવાયા છે, જિલ્લાના 1 લાખ લોકો અસરગ્રસ્ત છે. ગંગા, ઘાઘરા, રાપ્તી અને શારદા નદી ભયજનક સપાટી ઉપર વહી રહી છે, જેને પગલે વિવિધ જિલ્લાઓમાં લોકોને સલામત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે.

.................

## *ICC _ BUMRAH*

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ – ICCએ રાજ્યના ક્રિકેટ ખેલાડી જસપ્રીત બુમરાહને વર્ષ 2024ના જૂન મહિના માટે ICC મેન્સ પ્લેયર ઑફ ધ મંથ જાહેર કર્યા છે. જસપ્રીત બુમરાહે ટવેન્ટી ટ્વેન્ટી વિશ્વકપમાં શાનદાર પ્રદર્શન કરતા 8 મેચમાં 15 વિકેટ ઝડપ્યાં હતા. તેમને પ્લેયર ઑફ ધી ટુર્નામૅન્ટ પણ જાહેર કરાયા હતા.

આ તરફ ભારતીય મહિલા ટીમના વાઇસ કેપ્ટન સ્મૃતિ મંધાનાને જૂન માસ માટે ICC વિમેન પ્લેયર ઑફ ધી મંથ જાહેર કરાયા છે. તેમણે ઇંગ્લેન્ડની માઇયા બાઉચર અને શ્રીલંકાની વિશ્મી ગુણારત્નેને પછાડતા આ ઉપલબ્ધિ હાંસલ કરી છે. દક્ષિણ આફ્રિકા વિરુદ્ધ શાનદાર પ્રદર્શન બદલ તેમને આ ખિતાબ આપવામાં આવ્યો છે.

.................

## *WOMEN-CRICKET*

મહિલા આંતરરાષ્ટ્રીય ટી20 શ્રેણીની અંતિમ મેચમાં ભારતે દક્ષિણ આફ્રિકાને 10 વિકેટે હરાવીને ટી20માં દક્ષિણ આફ્રિકા સામે અત્યાર સુધીની સૌથી મોટી જીત હાંસલ કરી છે.

તા. 10-07-2024

સમય : સવારે 7.45(નેશનલ)

ચેન્નઈના એમએ ચિમ્દમ્બરમ સ્ટેડિયમમાં ત્રીજી અને અંતિમ મેચ રમાઈ હતી. જેમાં 85 રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતીય ટીમે માત્ર 10.5 ઓવર જીત હાંસલ કરી હતી.

આ પૂર્વે 2021માં ભારતીય ટીમે 11 ઑવરમાં દક્ષિણ આફ્રિકા સામે જીત હાંસલ કરી હતી. ગઈકાલે મેચમાં શાનદાર જીત સાથે ભારતીય ટીમે શ્રેણી એક-એકથી બરાબર કરી છે.  આ શ્રેણીની બીજી મેચ વરસાદને કરાણે રદ્દ રહી હતી. ભારત તરફથી પૂજા વસ્ત્રાકરને પ્લેયર ઑફ ધી મેચ જાહેર કરાયા. શ્રેણીમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન બદલ તેમને પ્લેયર ઑફ ધી સિરીઝ પણ જાહેર કરાયા.

આ પૂર્વે દક્ષિણ આફ્રિકાએ પ્રથમ બેટિંગ કરતા 17.1 ઓવરમાં 84 રન બનાવ્યા હતા. જેની સામે ભારતીય ટીમે એક પણ વિકેટ ગુમાવ્યા વિના, આ લક્ષ્ય હાંસલ કર્યું હતું. ભારત તરફથી પ્રથમ બેટિંગ કરવા ઉતરેલા સ્મૃતિ મંધાનાએ 40 બોલમાં 54 રન બનાવ્યા હતા. જ્યારે શેફાલી વર્માએ 25 બોલમાં 27 રન બનાવ્યા હતા.

.................

# *INDIA ZIMBABWE*

ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચેની ટી20 શ્રેણીની ત્રીજી મેચ આજે ઝિમ્બાબ્વેનાં હરારે સ્પોર્સ્ટ ક્લબ મેદાનમાં રમાશે. આ માચે સાંજે સાડા ચાર વાગ્યાની આસપાસ શરૂ થશે. પાંચ મેચની આ શ્રેણીમાં બંને ટીમો એક- એક મેચ જીતી ચૂકી છે.

શુભમન ગિલના નેતૃત્વમાં ભારતની યુવા ટીમ આજે મેચ જીતીને શ્રેણીમાં બઢત હાંસલ કરવાનો પ્રયાસ કરશે. આ પૂર્વેની મેચમાં અભિષેક શર્માની શાનદાર સદીને કારણે ભારતે ઝિમ્બાબ્વે 100 રનોથી પરાસ્ત કર્યું હતું.

જ્યારે સૌથી પહેલી મેચમાં મેજબાન ટીમ સામે માત્ર 13 રનોથી હાર્યા બાદ ભારતે બીજી મેચ જીતીને બરાબરી કરી હતી.

.................

## *AMARNATH YATRA*

અમરનાથની પવિત્ર ગુફાના દર્શન માટે ચાર હજાર 627 શ્રદ્ધાળુઓનું વધુ એક જૂથ જમ્મૂના ભગવતી નગરથી કાશ્મીર ઘાટી માટે રવાના થયું છે.

આજે સવારે અંદાજે 185 વાહનોમાં બેસીને આ શ્રદ્ધાળુઓ યાત્રા માટે આગળ નીકળ્યા. જેમાં ત્રણ હજાર, 422 પુરુષો, એક હજાર 27 મહિલાઓ, 26 બાળકો, 137 સાધુ તેમજ 15 સાધ્વીઓ સામેલ છે. આ શ્રદ્ધાળુઓમાંથી આઠ હજાર, 800થી વધુ શ્રદ્ધાળુઓ પવિત્ર ગુફા માટે રવાના થશે.

.................

## *INDIANS - RUSSIAN ARMY*

વિદેશ સચિવ વિનય ક્વાત્રાએ કહ્યું કે, રશિયન સૈન્યમાં  સહાયક સ્ટાફ તરીકે કામ કરતા ભારતીય નાગરિકોને વહેલા મુક્ત કરવાની રશિયા સમક્ષ ભારતે માંગણી કરી હતી.. આ ઉપરાંત તેમને સ્વદેશ પરત મોકલવાની પણ ભારતે રશિયા સમક્ષ રજૂઆત કરી હતી. આ માટે રશિયા સંમત થયું છે.

શ્રી ક્વાત્રાએ પત્રકારો સાથે વાતચિત કરતાં જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રશિયન સેનાની સેવા આપતાં ભારતીય નાગરિકોને વહેલા છૂટા કરવાનો મુદ્દો ભારપૂર્વક ઉઠાવ્યો હતો.

એવું જાણવા મળ્યું છે કે શ્રી મોદીએ રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથેના રાત્રિ ભોજન દરમિયાન તેમની અનૌપચારિક વાતચીત દરમિયાન આ મુદ્દો ઉઠાવ્યો હતો. વિદેશ સચિવે કહ્યું કે, બંને પક્ષો ભારતીયોને ઝડપથી સ્વદેશ પરત લાવવાના પ્રયાસો હાથ ધરશે.

તા. 10-07-2024

સમય : સવારે 7.45(નેશનલ)

શ્રી ક્વાત્રાએ જણાવ્યું હતું કે, ભારતે રશિયન સૈન્યમાં સેવા આપતા તેના નાગરિકોની સંખ્યા આશરે 35 થી 50 ની વચ્ચે હોવાનું અનુમાન કર્યું હતું. જેમાંથી 10 ને અત્યાર સુધીમાં  પાછા લાવવામાં આવ્યા હતા.

.................